પેપર લીક પ્રકરણમાં વધુ પાંચ આરોપીને દબોચ્યા

સાબરકાંઠા પોલીસે મુખ્ય આરોપીના ભાઈ પાસેથી ૨.૮૬ લાખની રોકડ કબજે : વધુ એક પિતા-પુત્રની પેપર લીક કૌભાંડમાં સંડોવણી

બાયડ, તા. ૨૮

રાજ્યમાં ચકચાર જગાવનાર પેપર લીક પ્રકરણમાં સાબરકાંઠા પોલીસે જિલ્લાના વધુ ૫ આરોપીઓની દબોચી લીધા છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પેપર લીક પ્રકરણના આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી તેમાં મુખ્ય સૂત્રધાર ગણાતા આરોપીના ભાઈને પોલીસે બનાસકાંઠાના ધાનેરાથી અટકાયત કરી છે. આ સાથે અત્યાર સુધીમાં ધરપકડ આંક-૨૮ ઉપર પહોંચ્યો છે. હિંમતનગરના આકોદરા ગામના પિતા-પુત્રની પેપર લીક પ્રકરણમાં સંડોવણી બહાર આવતાં હજુ કેટલા પિતા-પુત્ર પેપર લીક પ્રકરણમાં સંડોવાયા હશે..?? તેનું ગણિત મંડાઈ રહ્યું છે. જ્યારે અગાઉ પોલીસે પકડેલા ૧૨ આરોપીઓના રીમાન્ડ પૂરા થતાં પ્રાંતિજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા પરંતુ કોર્ટે રીમાન્ડ નામંજૂર કરતાં જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવશે.

પેપર લીક પ્રકરણના તાર હવે ગ્રામ્ય વિસ્તારો સુધી લંબાઈ રહ્યા છે. જિલ્લાની સરહદો પણ ઓળંગી રહ્યા છે. પોલીસે પેપર લીક પ્રકરણમાં ઉછાથી વાયા અમદાવાદ અને ત્યાંથી પેપરનું જ્યાં પ્રિન્ટીંગ કામ થતું હતું તે સાણંદની સૂર્યા પ્રેસ સુધીના સંડોવાયેલા આરોપીઓને પકડ્યા છે જેમાં અત્યાર સુધીમાં ધરપકડ આંક ૨૮ સુધી પહોંચ્યો છે પરંતુ બેરોજગારો અને રાજ્યની પ્રજા જે મોટા મગરમચ્છો સંડોવાયેલા છે તે કોણ..?? તેવા કોઈ નામ બહાર ન આવતાં તપાસ સામે શંકા થાય તે સ્વાભાવિક છે. જ્યારે પ્રાંતિજ તાલુકાના ઉછા ગામના પોલીસ હીરાસતમાં રહેલા મુખ્ય આરોપી જયેશ પટેલના ભાઈ સંજય પટેલનું નામ પણ બહાર આવતાં પોલીસે ધાનેરાથી તેની અટકાયત કરી છે. સંભવ છે કે પોલીસ બંને ભાઈઓને સામસામે તેમજ અલગ અલગ બેસાડીને કેટલીક વિગતોની ચોક્સાઈ કરી શકે છે. જ્યારે ઉછા ગામના આરોપીઓની ધરપકડ થઈ છે તેમાં મોટાભાગે પરિવારના સભ્ય હોવાનું બહાર આવ્યું છે છતાં પેપર લીક પ્રકરણમાં ભાંડો ફૂટવાનું કારણ પૈસાની ભાગ બટાઈ કે પછી ઉમેદવારને પેપર આપ્યા પછી ટોકન મુદ્દે થયેલી બબાલ મુખ્ય મુદ્દો હોવાનું જણાઈ રહ્યું છે.

અત્યારે તો રોજ સવાર પડે કેટલા આરોપીઓની પોલીસે અટકાયત કરી..?? કોનો દિકરો તેમાં સંડોવાયેલો છે બસ તેના ઉપર જ સૌની નજર ટેકવાઈ છે. પોલીસે પેપર લીક પ્રકરણમાં સંડોવાયેલા ઈડર તાલુકાના વિરપુર અને હિંમતનગર તાલુકાના આકોદરા ગામના ૨-૨ આરોપીઓની અટકાયત કરી છે તે જોતાં પેપર લીક થયા પછી મોટી રકમમાં સોદા થયાના અનુમાનમાં પ્રમાણમાં ઓછી રકમ પોલીસને મળી આવી છે. પેપર લીક પ્રકરણના મુખ્ય આરોપી જયેશ પટેલના ભાઈ સંજય પટેલ પાસેથી રૂ. ૨,૮૬,૫૦૦ની રોકડ રકમ પોલીસે જપ્ત કરી

૫ આરોપીની અટકાયત : પોલીસ વડા

જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરે જણાવ્યું કે પેપર લીક સબંધે સંડોવાયેલા ૫ આરોપીઓની પોલીસ દ્વારા ગત રોજ ધરપકડ કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં કુલ-૨૮ આરોપીઓની ધરપકડ થઈ છે.

પકડાયેલા આરોપી...

વિપુલકુમાર જીતેન્દ્રકુમાર પટેલ, રહે. વિરપુર, તા. ઈડર
અક્ષયકુમાર વિનોદકુમાર પટેલ, રહે. વિરપુર, ઈડર (રહે. મામાજીનગર, ધાનેરા, જિ. બનાસકાંઠા)
પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ, રહે. આકોદરા, તા. હિંમતનગર
ધિમંતકુમાર પ્રકાશભાઈ પટેલ, રહે. આકોદરા, તા. હિંમતનગર
સંજયકુમાર ઉર્ફે જાડુ ઈશ્વરભાઈ પટેલ, મૂળ રહે. ઉછા, તા. પ્રાંતિજ

ક્યા આરોપીઓ પાસેથી કેટલી રોકડ મળી...

સાબરકાંઠા અને ગાંધીનગર પોલીસે પેપર લીક પ્રકરણમાં અત્યાર સુધીમાં ૨૮ આરોપીઓની ધરપકડ કરી છે જેમાં ૭ આરોપીઓ પાસેથી રોકડ મળી આવી છે જેમાં..

દર્શન કિરીટભાઈ વ્યાસ રૂ. ૨૩ લાખ
મંગેશ શશીકાન્ત સિરકે રૂ. ૭ લાખ
દિપક મહેન્દ્રભાઈ પટેલ રૂ. ૧૪.૧૦ લાખ
જયેશ ઈશ્વરભાઈ પટેલ રૂ. ૨૦ લાખ
રવિ અરવિંદભાઈ પટેલ રૂ. ૨૪ લાખ
સંજયકુમાર ઉર્ફે જાડુ ઈશ્વરભાઈ પટેલ રૂ. ૨.૮૬ લાખ
જયેશ ઈશ્વરભાઈ પટેલ રૂ. ૮ લાખ

પેપર લીક પ્રકરણમાં વધુ એક પિતા-પુત્રની સંડોવણી...

પેપર લીક પ્રકરશુમાં વધુ એક પિતા-પુત્રની સંડોવણી બહાર આવતાં પોલીસ માથું ખંજવાળતી થઈ ગઈ છે. તપાસ દરમ્યાન પેપર લીક પ્રકરણમાં હિંમતનગરના આકોદરા ગામના પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ અને તેમના પુત્ર ધિમંત પટેલની સંડોવણી બહાર આવતાં પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આવનારા દિવસોમાં પેપર લીક પ્રકરણમાં જિલ્લામાંથી ૧૬ થી વધુ પેપર ખરીદનારા કીમીયાગરો પોલીસના સકંજામાં આવી શકે છે.

૧.૫૦ લાખ લીંબુના વર્ગીય જાતના રોપા તૈયાર કરવાની ક્ષમતા

ઉત્તર ગુજરાતના ખેડૂતોને ખેતી ક્ષેત્રે સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ : સુંશી ગામમાં બાગાયત વિભાગનો રોપા પ્લાન્ટ તૈયાર

બાયડ, તા. ૨૮

ઉત્તર ગુજરાત બાગાયત ખેતી ક્ષેત્રે નવી ક્રાંતિના દ્વાર બની રહ્યું છે. મહેસાણા જિલ્લાના વિસનગરના સુંશી ગામ નજીક ખેડૂતોને રાહત દરે લીંબના ૧૨ જાતના રોપા મળી રહે તે માટે ૧,૫૦,૦૦૦ લીંબુના ધરૂ (છોડ) તૈયાર થઈ રહ્યા છે. શાકભાજીમાં પણ ધરૂ ઉત્પાદન શરૂ થયું છે ત્યારે આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતના લાખો ખેડૂતો લીંબુ મુખ્ય પાક તરીકે સ્વીકાર કરી શકે છે. તાજેતરમાં જ રાજ્યપાલ દ્વારા સુંશી ગામમાં સેન્ટર ઓફ એક્સલન્સ રાજ્યના એકમાત્ર લીંબુના સંશોધન માટેના કેન્દ્રને ઈ-લોકાર્પણથી ખુલ્લું મૂક્યું છે.

૧૦૦૦ ચો.મીટર નર્સરીની વ્યવસ્થા...

મહેસાણા ઝોન બાગાયત અધિકારી એસ.કે. મોમીનનું કહેવું છે કે સુંશી ગામમાં રાજ્યનું સૌ પ્રથમ લીંબુના સંશોધન માટેનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જે ૧૦૦૦ ચો.મીટરની નર્સરીની વ્યવસ્થા તેમજ ૧૭૨૭ ચો.મીટર વિસ્તારમાં ૪ પોલીટન અને ૯૪૩ ચો.મીટરમાં ૨ નેટ હાઉસ આવેલા છે. ખેડૂતોને હવામાનની જાણકારી મળે તે માટે ઓટોમેટીક વેધર સીસ્ટમ સક્રીય કરવામાં આવી છે. અહીં લીંબુના ૧૨ જાતના છોડ વિક્સાવવામાં આવ્યા છે જે ખેડૂતોને રાહત દરે આપવામાં આવશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના ૫૮ લાખથી વધુ ખેડૂતોમાંથી મોટાભાગના ખેડૂતોની હાલત દયનીય છે. સરકાર દ્વારા પોષણક્ષમ ખેતપેદાશના ભાવ છતાં વધતી મોંઘવારી, ડીલમાં વધતા ભાવ ઉપરાંત મજૂરી વધુ મોંઘી થતાં મોટાભાગના ખેડૂતો પરંપરાગત ખેતી છોડી રહ્યા છે કાં તો ખેતીમાં બદલાવ કરી રહ્યા છે. પાછલ્લા એક દાયકામાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ખેડૂતોએ બાગાયત ખેતીમાં હાથ અજમાવ્યો અને સારાં પરિણામ મળતાં ખેડૂતો બાગાયત ખેતી તરફ વળ્યા છે. એક સમય હતો કે ઉત્તર ગુજરાત બટાકાના બમ્પર ઉત્પાદન માટે રાજ્યમાં અગ્રસ્થાને હતો. હવે સ્થિતિ બદલાઈ રહી છે. વિસનગર તાલુકાના સુંશી ગામે રાજ્યનું એકમાત્ર લીંબુના સંશોધન માટેનું કેન્દ્ર તૈયાર થયું. અહીંયાં રાજ્યના ખેડૂતોને લીંબુની ખેતી અંગે તાલીમ આપવામાં આવશે. તાલીમ લેવા આવનારા ખેડૂતો માટે ટ્રેનિંગ હોલ, રહેઠાણ સહિતની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. લીંબુના ૧૨ જાતના છોડ વિક્સાવવામાં આવ્યા છે જે ખેડૂતોને રાહત દરે આપવામાં આવશે. જ્યારે વિવિધ શાકભાજીના રોપાનો પણ ઉછેર શરૂ થયો છે.

મહેસાણા શહેરમાં ઓમીક્રોન કોરોનાની એન્ટ્રી

મહેસાણા શહેરમાં ઓમીક્રોન કોરોનાની એન્ટ્રી થઈ ચુકી છે. પીલાજી ગંજ વિસ્તારમાં ઓમીક્રોન કેસ સામે આવ્યો હતો. ઓમિક્રોન પોઝિટીવ વ્યક્તિની ટ્રાવેલ હિસ્ટ્રી આફ્રિકા હોવાનું સામે આવ્યુ હતુ. મહેસાણા જિલ્લામાં ઓમીક્રોનના કેસથી આરોગ્યતંત્ર દોડતુ થયુ હતુ. અગાઉ ૩ ઓમીક્રોન વિજાપુર તાલુકામાં નોંધાયા હતા.

જી.પી.એસ.સી. પરીક્ષા, સાબરકાંઠામાં પ્રથમ પેપરમાં ૩૯ ટકા, બીજા પેપરમાં માત્ર ૩૮ ટકા ઉમેદવારોની હાજરી

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોની ગેરહાજરી ચિંતાજનક : કોરોના ટેસ્ટીંગ સહિતના પ્રશ્ન પૂછાયા

બાયડ, તા. ૨૮

જી.પી.એસ.સી. દ્વારા રવિવારે યોજાયેલી ક્લાસ-૧, ૨ પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલા ૬૩૫૯ ઉમેદવારોમાંથી પ્રથમ પેપરમાં ૨૫૦૫ અને બીજા પેપરમાં ૨૪૩૧ ઉમેદવારો હાજર રહ્યા હતા. હિંમતનગરના ૨૪ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. વારંવાર પેપર લીક થવાની ઘટનાથી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોની ઘેરહાજરી ચિંતાજનક છે. જ્યારે કોરોનાનું સંક્રમણ હાવિ રહ્યું છે ત્યારે પેપર સેટર દ્વારા મ્યુકર માઈકોસીસ તેમજ કોરોના ટેસ્ટીંગના પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. વર્તમાન પ્રવાહથી વાકેફ અનેક ઉમેદવારોની પ્રશ્નો પ્રત્યે રૂચિ વધી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના નિયત કરાયેલા પરીક્ષા કેન્દ્રો ઉપર તા.૨૬ ડિસેમ્બરના રોજ જી.પી.એસ.સી. વર્ગ-૧, ૨ ની પરીક્ષા યોજાઈ ગઈ. અગાઉની પરીક્ષાની જેમ આ પરીક્ષામાં પણ ઉમેદવારોની પાંખી હાજરીની અચૂક નોંધ લેવાઈ. ૬૦ ટકાથી વધુ હાજરી અગાઉના સમયમાં જોવા મળતી હતી પરંતુ પાછલા ૬ થી ૮ મહિના દરમ્યાન સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન થયા તેમાં ઉમેદવારોની સંખ્યા સતત ઘટી રહી છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજાયેલી પરીક્ષા અને તેમાં ઉમેદવારોની વધુ પડતી ઘેરહાજરી શોધનો વિષય બન્યો છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ૨૪ કેન્દ્રો ઉપર કોરોના ગાઈડલાઈન મુજબ પરીક્ષાનું આયોજન થયું. જેમાં પેપર-૧ માં ૩૯ ટકા અને પેપર-૨ માં ૩૮ ટકા ઉમેદવારો હાજર રહ્યા હતા. કેટલાક ઉમેદવારોને પેપર-૧ પ્રમાણમાં ઘણું અઘરૂ લાગ્યું હતું. જી.પી.એસ.સી.ની પ્રિલીમ પરીક્ષામાં વર્તમાન પ્રવાહને આવરી લેવામાં આવ્યા હતા જેમાં કચ્છની ફ્લેમીંગો સીટી ઉપરાંત અગ્નિ મિશાઈલ પરીક્ષણ, રાષ્ટ્રપતિ શાસન અને બંધારણની કલમોની જોગવાઈ, કોરોના ટેસ્ટીંગ અને મ્યુકર માઈકોસીસ વગેરેને પણ આવરી લેવામાં આવ્યું હતું તેમજ જી-૨૦, શિખર સંમેલન અંગે પણ પ્રશ્ન પૂછાયા હતા.

ઉમેદવારોની ગેરહાજરી ચિંતાનો વિષય...

કેન્દ્ર	સ્થળ	નોંધાયેલ ઉમેદવાર	હાજર ઉમેદવાર
હિંમતનગર	૨૪	૬૩૫૯	૨૫૦૫ (પેપર-૧)
હિંમતનગર	૨૪	૬૩૫૯	૨૪૩૧ (પેપર-૨)

સાબરડેરી કર્મચારી સહકારી મંડળીના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવ યોજાયો

બાયડ તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ની શ્વેતક્રાંતિ તરીકે ઓળખાતી સાબરડેરી ના કર્મચારીઓ ની કર્મચારી મંડળી ની સ્થાપના થયા ના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવ સાબરડેરી ઓડિટોરિયમ હોલ ખાતે સાબરડેરી તેમજ ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ના ચેરમેનશ્રી શામળભાઈ બી પટેલ ના અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો આ સુવર્ણ જયંતી મહોત્સવ માં સોવેનિયર વિમોચક જેઠાભાઈ પી પટેલ ચેરમેનશ્રી માર્કેટિંગ યાર્ડ હિંમતનગર ના હસ્તે કરવામાં આવ્યો હતો સાબરડેરી કર્મચારી સહકારી મંડળી દ્વારા કર્મચારીઓ ના હિત માટે નજીવા દરે કર્મચારીઓ ને લોન તેમજ કર્મચારીઓ ની ફિક્સ ડિપોઝીટ પર આકર્ષક વ્યાજ આપી કર્મચારીઓ ને પ્રોત્સાહિત કરવા અનેક સેવાકીય કર્યો સાથે જાહેર જનતા ના હિતાર્થ માટે પણ દિવાળી સમયે શુદ્ધ ઘી ની મીઠાઈ વિતરણ તેમજ દૂધ વિતરણ વ્યવસ્થા કરવામાં અગ્રેસર રહી સેવાઓ કરતી હોય છે સભાસદો ના સુખ દુ:ખમાં હર હમેશાં ખડેપગે ઉભી રહી સેવાઓ પુરી પાડતી હોય છે સુવર્ણ જયંતી સમારોહ માં સાબરડેરી ના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં ૪૧૮ વિજયી સરપંચોના સરઘસે આરોગ્યતંત્રની ઉંઘ ઉડાવી

સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક ભૂલાતાં કોરોના સંક્રમણ ન વકરે તો જ નવાઈ : સાબરકાંઠામાં કોરોના સંક્રમણના નવા કેસથી હડકંપ

બાયડ, તા. ૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૪૧૮ ગ્રામ પંચાયતોના વિજયી સરપંચોના નિકળેલા સરઘસોએ હવે આરોગ્યતંત્રની ઉંઘ ઉડાવી છે. જના ઉન્માદમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમ ભૂલાતાં બંને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ફરી ન વકરે તો જ નવાઈ હશે. ગ્રામ્ય વિસ્તારોમાં વિજેતા સરપંચોને વધાવવાના ઉમળકામાં મગ્ન બનેલા ગ્રામજનો કોરોનાની ગંભીરતા ભૂલી જતાં કોરોનાને ખુલ્લું આમંત્રણ મળ્યું છે જેના કારણે આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ અંદરખાને ચિંતિત બન્યા છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના નવા પોઝિટિવ કેસથી હડકંપ મચ્યો છે.

જિલ્લામાં શિયાળાની કાતિલ ઠંડીમાં વાયરલ બિમારીઓએ માથું ઉંચકતાં ઘેર ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે. ગ્રામ પંચાયતોની સંપન્ન થયેલી ચૂંટણી પછી આરોગ્ય વિભાગ માટે કપરો સમય શરૂ થવાના અણસાર છે. બંને જિલ્લામાં યોજાયેલી ગ્રામ પંચાયતોની જાહેર થયેલી ચૂંટણીથી માંડી પરિણામ આવ્યા ત્યાં સુધીમાં જાણે કે કોરોના સંપૂર્ણ નાબૂદ થયો હોય તેમ નિયમોનો ઉલાળીયો કરવામાં આવ્યો તેમાંય સાબરકાંઠા જિલ્લામાં ૨૨૮ અને અરવલ્લી જિલ્લામાં ૧૯૦ ગ્રામ પંચાયતોના ચૂંટણી પરિણામો પછી જનો ઉન્માદ છવાયો હતો જેના કારણે ઠેર ઠેર સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડવાની સાથે માસ્ક પણ ભૂલાયા હતા. જિલ્લામાં વિજેતા સરપંચોના નિકળેલા સરઘસમાં બેદરકારીભર્યું વર્તન થયું હોવાથી હવે કોરોનાનું સંક્રમણ ફરી બેકાબુ બનવાની ચિંતાથી આરોગ્યતંત્ર ફફડી ઉઠ્યું છે.

વિજયી સરઘસમાં ઉમટેલી ભીડ સંક્રમણ વધારી શકે છે

જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોનું માનીએ તો તા.૨૧ ડિસેમ્બરે મત ગણતરી પછી દરેક વિસ્તારોમાં સરપંચ અને વોર્ડ ઉમેદવારોના વિજયી સરઘસ નિકળ્યા હતા અને તેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટતાં ભીડ જોવા મળી. જો તેમાં કોઈ સંક્રમિત હશે તો અન્ય લોકો પણ સંક્રમિત થવાની સંભાવના છે.